| | |
|---|---|
| દાખલ તારીખ. | ૦૩–૦૪–૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૦૩–૦૪–૨૦૨૬ |
| ફેંસલ તારીખ. | ૧૧–૦૬–૨૦૨૬ |
| સમય ગાળો. | વર્ષ : માસ : દિવસ.<br>૦૦ – ૦૨ – ૦૮ |

## વલસાડના મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં, મુ વલસાડ.

| | | | | |
|---|---|---|---|---|
| ક્રીમીનલ કેસ નંબર. | ► | ૨૨૯૮–૨૬ | આંક. ► | ૧૧ |

| ફરીયાદી. | | આરોપી. |
|---|---|---|
| શ્રી. સરકાર. | વિરૂધ્ધ | સુરેશભાઈ છોટુભાઈ રાઠોડ,<br>રહે.નવીનગરી દેવતળાવ સીવીલ હોસ્પિટલની બાજુમાં,તા.જી.વલસાડ. |

| | | |
|---|---|---|
| ગુન્હો. | ⇨ | પ્રોહીબીશન એકટની કલમ–૬૫–(એ)(એ) મુજબ |

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ... તરફે. | વિ.એ.પી.પી.શ્રી | આઇ.કે.વ્હોરા |
| આરોપીપક્ષ... તરફે. | વિ.વકીલ શ્રી | વી.કે.પટેલ |

### ◀◀ ઠ રા વ ▶▶

૧. ફરિયાદપક્ષ ના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપી પોતાના કબજામાં વગર પાસ પરમીટે દેશીદારૂ રાખી પકડાઇ જઇ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે જેથી તપાસ કરનાર અમલદાર દ્વારા હાલના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ તેમના વિ.વકીલ શ્રી મારફત નામદાર કોર્ટમાં હાજર થયેલા અને તેઓને પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપ્યા બાદ આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપી દ્વારા પોતે ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**૩.** ફરિયાદપક્ષે આંક : ૦૮ અને ૦૯ થી બે પંચોની જુબાની લેવામાં આવેલ તેમજ ફરીયાદપક્ષે આંક–૧૦ થી પંચનામું રજુ રાખવામાં આવેલ છે. હાલના ગુન્હાના કામે પંચો હોસ્ટાઇલ થતાં રીકવરી શંકાસ્પદ બનતાં ફરિયાદપક્ષે અન્ય કોઈ સાહેદ તપાસવામાં આવેલ નથી. આરોપી વિરૂધ્ધ તેમના વિશેષ નિવેદન નોંધવા લાયક કોઈ પુરાવો જણાઇ ન આવતાં તેમના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

**૪. ૦૧.** શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ પ્રતિબંધિત પદાર્થ મળી આવેલ હોય અને તેની સેમ્પલની કાર્યવાહી કરવામાં આવેલ હોય તેમજ આરોપી પાસે સદર પ્રતિબંધિત પદાર્થ રાખવા માટે પાસ પરમીટની માંગણી કરતાં તે નહિ હોવાનું જણાવવામાં આવેલ હોય, જેથી તેમ કરી આરોપીએ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૦૨. શું હુકમ ?

**પ.** ઉપરોકત જણાવેલા મુદ્દાઓના નિર્ણયો હવે પછી જણાવેલા કારણોને આધારે નીચે મુજબ છે ?

૦૧. નકારમાં,

૦૨. આખરી હુકમ મુજબ.

**<u>(કારણો)</u>**

**૬. <u>મુદ્દા નંબર : ૦૧</u>**

હાલના ગુન્હાના કામે બે પંચોને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચોની જુબાની જો વંચાણે લેવામાં આવે તો તેઓ બંને પંચો હોસ્ટાઇલ જાહેર થયેલા પંચો છે. જેથી વિ. એ.પી.પી. ની મૌખિક વિનંતીથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા માટેની પરવાનગી આપેલ હોવા છતાં પણ સદર બંને પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર પણ સમર્થનકારી પુરાવો આપેલ નથી અને જણાવેલ છે કે તેઓએ એક તૈયાર પંચનામામાં સહી કરેલી સહિ સિવાય પંચનામાની હકીકત વિશે તેમને ખબર નથી. આમ, હાલના ગુન્હાના કામે મુદ્દામાલ રીકવરી પંચનામું પુરવાર નથી જેથી

આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઇ પ્રતિબંધિત પદાર્થ પકડાયેલ હોય તે હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સદંતરપણે નિષ્ફળ નીવડેલ છે. જયારે મુદ્દામાલ રીકવરી શંકાસ્પદ બનતી હોય તેવા સંજોગોમાં અન્ય કોઇ સાહેદોને તપાસવાની જરૂરીયાત જણાઇ આવતી નથી. જેથી હાલના ગુન્હાના કામે આરોપીની સંડોવણી વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર માની શકાય તેમ નથી. કારણ કે મુદ્દામાલ રીકવરી પંચનામું પુરવાર નથી. જેથી રીકવરી શંકાસ્પદ બને છે. આમ, આરોપી પાસેથી કોઇ કબજે લીધેલ મુદ્દામાલ પકડાયેલ હોય તે હકીકત પુરવાર થતી નથી. આ સંદર્ભે નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા ગુજરાત રાજય વિરૂધ્ધ સુરેશભાઇ એસ.પટેલ (૨૦૧૧) ૨૬ જી.એલ.એચ. ૧ માં ઠરાવેલ છે કે " When judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on future date.”

૭. આમ, જયારે ફરિયાદના કામે મહત્વના તથા સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન કરતાં ન હોય તો માત્ર કેસની કાર્યવાહી પુરી કરવા માત્ર સર અન્ય સાહેદોને તપાસવા જરૂરી જણાતાં નથી. ગુન્હાવાળી જગ્યા તેમજ રીકવરી પંચનામું પુરવાર ન હોય તેવા સંજોગોમાં આરોપીની સંડોવણી હાલના ગુન્હાના કામે વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર માની શકાય તેમ નથી. આ તબકકે અત્રેની અદાલતે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

ઓનકાર મનીક પાટીલ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં નામદાર મુંબઇ હાઇકોર્ટ દ્વારા એ હકીકત જણાવવામાં આવેલ છે કે પ્રોહીબીશન કેસમાં બંને પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલા હોય તેવા સંજોગોમાં ફરિયાદી તેમજ અન્ય પોલીસ સાહેદોની સોગંદ ઉપર જુબાની લેવાની જરૂરિયાત નથી તેમજ નીચેની અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ નામદાર મુંબઇ હાઇકોર્ટ દ્વારા કાયમ રાખવામાં આવેલ છે. આમ, આરોપી નિર્દોષ છે તે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. જેથી

ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>—::::: આખરી હુકમ :::::—</u>**

- **<u>આ કામના આરોપીને ભારતિય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ—૨૭૧(૧) અન્વયે ધી પ્રોહિબીશન એકટની કલમ—૬૫ એએ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.</u>**
- **<u>મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નીકાલ કરવો.</u>**
- **<u>ભારતિય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ—૪૮૧(૧) ની જોગવાઈઓનું પાલન કરવા માટે હાલના કામે અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.</u>**

હુકમ આજરોજ તારીખ : ૧૧.૦૬.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:—૧૧.૦૬.૨૦૨૬
સ્થળ — વલસાડ.
( બી.એચ.કહાર ગુજ.સ્ટેનો.)

**(જયેશ અરૂણભાઈ દવે)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,વલસાડ.
[કોડ નં. જી.જે.—૦૦૭૧૨]